

ડૉ. પંકજ નરમ, ડૉ. સ્મિતા નરમ

# દૃષ્ટિદોષના ઉપચારથી અનેકોને દૃષ્ટિલાભ

માધુરી અત્યારે નવમા ધોરણમાં ભણે છે. એ ખૂબ જ એકાગ્રતાથી અભ્યાસ કરે છે. રાતે જાગીને પુસ્તકો વાંચે છે. નોટ્સ લખે છે. બધું હોમવર્ક સમયસર કરે છે. પરંતુ બે વર્ષ પૂર્વે આ છોકરી બન્ને આંખોએ આંધળી થઈ હતી. એ કોઈને સાચું નહીં લાગે.

પણ ખરેખર એવું બન્યું હતું. તેના પિતાએ ઉપચાર માટે રીતસર પાણીની જેમ પૈસો ખર્ચ્યો હતો. મુંબઈના શ્રેષ્ઠ આઈસર્જન્સ અને સ્પેશિયાલિસ્ટ્સ પાસે આંખો તપાસાવી. બધાનો એક જ અભિપ્રાય હતો. માધુરીની આંખોને એટલું નુકસાન થયું છે કે એ ફરી જોઈ શકે એમ નથી.

પરંતુ તેના પિતાની આશા જીવંત હતી, તેમના એક મિત્ર તેમને માધુરીની સાથે 'આયુશક્તિ'માં લઈ ગયા. ત્યાંના ઉપચારથી જાણે કે ચમત્કાર થયો. ધીમે ધીમે તેની દૃષ્ટિ ખૂલતી ગઈ. પહેલાં સ્હેજ પછી ૫૦ ટકા અને પછી ધીમે ધીમે ૮૦થી ૯૦ ટકા દૃષ્ટિ સ્પષ્ટ થઈ અને છેવટે અગાઉની જેમ વ્યવસ્થિત જોતી થઈ. માધુરીના માતાપિતા તો આનંદવિભોર થઈ ગયા. ફરી માધુરી અગાઉની માફક જોરશોરથી ભણવા માંડી છે. આવી રીતે દૃષ્ટિ દોષની ફરિયાદ પૂર્ણપણે નાબુદ થઈ હોય એવા દર્દીઓમાં માધુરી એકલી નથી. આયુશક્તિના ઉપચારથી નાની ઉંમરમાં ચશ્માં પહેરતા ઘણા બાળકોના ચશ્માંના નંબર દૂર થયા છે. તન્મયને ચશ્માં આવ્યા ત્યારે એ ચાર વર્ષનો પણ નહોતો. આટલી નાની ઉંમરમાં જાડા ચશ્માં પહેરતો છોકરો જોઈને માબાપનું હૈયુ વલોવાઈ જતું હતું. તન્મયના પપ્પાને એક મિત્રે આયુશક્તિ વિશે વાત કરી. એ મિત્રના દીકરાને પણ ચશ્માં હતા. જે આયુશક્તિના ઉપચારથી દૂર થયા હતા. તેથી તેઓ તન્મયને પણ આયુશક્તિમાં લઈ ગયા. આયુશક્તિમાં પંચકર્મ અને મર્મ જેવા સસ્તા ઉપચારોને પગલે આઠ મહિનામાં તન્મયના ચશ્માંના નંબર ઘટવા માંડ્યા અને એક વર્ષમાં નંબર સાવ ચાલ્યા ગયા. પણ તેના પપ્પા દર ચાર મહિને તન્મયની આંખો તપાસાવે છે અને આયુશક્તિમાં પણ તપાસ કરાવવા આવે છે.

"તમે આ બાબત લોકોને જણાવવાનું ચૂકતા નહીં. કારણ કે નાના બાળકોની આંખો પર ચશ્માં જોઈને મને ખૂબ તકલીફ થાય છે. મને આવા જેટલા દર્દીઓ મળે એ બધાને હું 'આયુશક્તિ'માં મોકલું છું. પરંતુ મને એમ લાગે છે કે આવો પ્રચાર અખબારો દ્વારા કરાય તો સેંકડો લોકોને તેનો લાભ થશે.'' એમ તન્મયના પિતા રમેશ આગ્રહપૂર્વક કહેતા હતા.

પરંતુ સુરેખાબહેનની વાત તેનાથી જુદી છે.



પંચકર્મ-નેત્રબસ્તી

તેમની આંખોમાં ફૂલ પડ્યું હતું. અનેક ડોક્ટર્સને મળ્યા. એંસી હજાર રૂપિયાથી વધુ ખર્ચ થયો તથા અનેક અઠવાડિયાનો સમય ખર્ચાયો. પરંતુ ડોક્ટરોએ શસ્ત્રક્રિયા સિવાય કોઈ ઉપાય નહીં હોવાનું જણાવ્યું હતું.

સદ્નસીબે સુરેખાબહેનના પતિ, ચાર વર્ષ પૂર્વે હૃદયરોગ માટે આયુશક્તિના ઉપચારથી જ સાજા થયા હતા. પણ શસ્ત્રક્રિયાની જબ્બર કિંમત અને ત્યાર પછી પણ જીવવાની બહુ ખાતરી નહીં અપાતાં સુરેખાબહેનના પતિ સીધા 'આયુશક્તિ'માં પહોંચ્યા હતા. ફક્ત દવાઓથી તેઓ સાજા થયા હતા.

આ ઉદાહરણ સુરેખાબહેનની નજર સામે હતું જ. તે ઉપરાંત પગથી માંડીને માથા સુધીની બીમારીમાં આયુશક્તિના ઉપચારથી લોકો સંપૂર્ણ રોગમુક્ત થયા હોવાના અનેક દર્દીઓના અનુભવો તેમણે સાંભળ્યા હતા. તેથી સમય ગુમાવ્યા વિના તેઓ આયુશક્તિમાં આવ્યા અને આંખોની વ્યાધિમાંથી મુક્ત થયા.

ત્યાર પછી પુત્રવધૂ માલતીને સંતાન થતું નહીં હોવાની ચિંતાને કારણે સુરેખાબહેને તેની તબીબી તપાસ કરાવી. તેમાં જાણવા મળ્યું કે માલતીની બન્ને બીજવાહિનીઓ-ફેલોપીયન ટ્યુબ્સ સાવ બંધ છે અને શસ્ત્રક્રિયા વિના સંતાનપ્રાપ્તિ શક્ય નથી એવું નિદાન ડોક્ટરોએ કર્યું.

પણ હવે સુરેખાબહેનને આવી અસાધ્ય બીમારીઓ માટે આયુશક્તિનો માર્ગ જડી ગયો હતો. તેથી તેઓ પુત્રવધૂ માલતીને લઈને આયુશક્તિમાં આવ્યા. થોડા મહિનાના ઉપચાર પછી માલતીને સુંદર અને બુદ્ધિશાળી બાળકો થયા છે.

છેલ્લા ત્રણ દાયકાના અનુભવ મુજબ 'આયુશક્તિ'માં એક વખત આવનાર વ્યક્તિ તેના તમામ કુટુંબીજનો, સગાં અને મિત્રવર્તુળ સહિત આયુશક્તિ સાથે સંબંધ બાંધે છે. અનેક દર્દીઓને સાથે લઈને આવે છે.

માધુરીનું અંધત્વ દૂર થયાના સમાચાર ફેલાતાં આંખોની નાની મોટી બીમારીઓના સંખ્યાબંધ દર્દીઓ આયુશક્તિમાં આવવા માંડતાં એ આંખોની હોસ્પિટલ હોય એવું ચિત્ર સર્જાયું. વળી, આયુશક્તિમાં આંખોનો જ ઉપચાર થાય છે એવી છાપ રાખવાની ભૂલ ન કરશો. કારણ કે તમે જાણો છો એ પ્રમાણે તન, મન અને બુદ્ધિની તમામ નાની-મોટી વ્યાધિઓ માટેના અકસીર ઉપચારો આયુશક્તિમાં ઉપલબ્ધ છે. હજારો વર્ષો પૂર્વે ઋષિમુનિઓએ સંશોધન કરીને 'આયુર્વેદ'ના રૂપમાં આપેલા વરદાનોની પરંપરાનું જતન આયુશક્તિમાં કરાય છે. તેથી એ પરંપરાના લાભ એકવીસમી સદીમાં પણ મૂળભૂતરૂપે પ્રાપ્ત થાય છે.

## આયુશક્તિ આયુર્વેદ હેલ્થ સેન્ટર

ભાદરણ નગર ક્રોસ રોડ નં. ૨, મિલાપ સિનેમાની સામે, એસ.વી. રોડ, મલાડ (પ.), મુંબઈ - ૪૦૦ ૦૬૪.
ફોન નં. ૨૮૦૬૫૭૫૭/ ૫૭૪૯/ ૨૩૨૩/ ૨૪૨૪

---x---x---

૧૯, દાદાભાઈ રોડ, ગોકળીબાઈ શાળાની સામે, વિલેપાર્લે (પ.), મુંબઈ - ૪૦૦ ૦૫૬.
ફોન નં. : ૨૬૭૧ ૧૫૧૭/ ૨૬૨૫ ૩૧૦૩
વેબસાઈટ : www.ayushakti.com
ઈ-મેઈલ : ayushakti@ayushakti.com